**<u>ફોજદારી કેસ નં. 3000443/2016 ના કામમાં આંક–૧ લગત હુકમ :–</u>**

પોકાર કરાવતાં ફરિયાદી કે આરોપી હાજર નથી. ફરિયાદી સંસ્થાને નોટિસની બજવણી થયેલ છે તેમ છતા ફરિયાદી કે તેમના વિ.વકીલશ્રી હાજર નથી. રેકર્ડ જોતાં સદરહુ ફરિયાદ ફરિયાદી એ આરોપી વિરૂધ્ધ –ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે અને રેકર્ડ રોજકામ જોતાં હાલના કામે આરોપીને સમન્સની લાંબા સમયથી બજવણી થયેલી નથી આમ, હાલનું કામ ઘણા લાંબા સમયથી આરોપીના સરનામે સમન્સની બજવણીના સ્ટેજે ચાલતુ હોવા છતાં ફરીયાદીએ પોતાનો કેસ આગળ ચલાવવા કે બજવણી કરવા કોઈ દરકાર લીધેલ નથી. વળી રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ વર્ષ **૨૦૧૬** નો છે અને હાલનાં કામે ફરીયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ફરીયાદીને સમન્સની બજવવાની ઘણી તક મળેલ હતી તેમ છતાં ફરીયાદી તરફે આરોપીને સમન્સ બજાવવની કોઈ દરકાર લીધેલ નથી. આમ, કેસનું રેકર્ડ જોતા,ફરિયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીને સમન્સની બજવણી કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // <u>હુકમ</u> //–**

હાલનાં કામે ફરિયાદી બેદરકારીના કારણે આરોપીને સમન્સની બજવણી અંગે આગળની કાર્યવાહી નહીં કરવા સબબ આજરોજ આરોપીને નિર્દોષ ઠરાવી ફરિયાદીનો કેસ ડિસમીસ ફોર ડિફોલ્ટથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬

( હિતેશ તનસુખભાઈ ધોળકીયા )
૩૦માં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૯, અમદાવાદ.
યુનિક કોર્ડ નં.જીજે૦૧૨૪૩